# ૮ આવ રે વરસાદ

F4B5W7

## અપ્પુ કેળાં ખાય છે



અપ્પુને કેળાં પસંદ છે.

તે રોજ વૃક્ષ પરથી કેળાં તોડે છે અને ખાય છે.

ઘણા સમયથી વરસાદ પડ્યો ન હતો.

એક દિવસ તેણે જોયું કે, કેળાંનાં વૃક્ષો નમી પડ્યાં છે.

અપ્પુને થયું : 'મારે મારી સૂંઢ (trunk-ટ્રન્ક) માં પાણી ભરીને લાવવું જોઈએ.'

તેણે નદી તરફ ચાલવાનું શરૂ કર્યું.

નદીમાં પાણી જોઈ અપ્પુ ખુશ થયો.

તેણે ધરાઈને પાણી પીધું. તેણે તેના શરીરને સૂંઢમાં પાણી ભરી સ્નાન કરાવ્યું.





પછી તેણે સૂંઢમાં પાણી ભર્યું. કેળાંનાં વૃક્ષોમાં નાખ્યું.

પાણી મળ્યું ને કેળાનાં વૃક્ષો જીવંત (alive-અલાઈવ) બન્યાં.

અપ્પુએ કેળાંના વૃક્ષને કહ્યું : ''તમે પણ મને સ્વાદિષ્ટ અને પાકાં કેળાં આપો છો. હવેથી હું દરરોજ તમારા માટે પાણી લઈ આવીશ.''



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

❇ કેળાંનાં વૃક્ષને પાણી ન મળે તો શું થાય?

M4Q5M9

❇ આસપાસ ઊગતાં વૃક્ષોને પાણી ક્યાંથી મળે છે ?

❇ શું તમે પ્રાણીઓને પાણી પીતાં જોયાં છે ? કયાં કયાં?

❇ તમે કોઈ પ્રાણીને પાણી પાયું છે ? તે કઈ રીતે પાણી પીએ છે ?

તમે વાંચ્યું કે અપ્પુએ કેળાંનાં વૃક્ષોને પાણી પાયું. પણ, બીજાં વૃક્ષો પાણી ક્યાંથી મેળવે છે ? વૃક્ષો મોટા ભાગે વરસાદ (rain-રેઈન)થી પાણી મેળવે છે. જ્યારે વરસાદ પડે છે ત્યારે વૃક્ષોનો દેખાવ નવો થઈ જાય છે.

ચાલો, આપણે કવિતા વાંચીએ અને ગાઈએ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## “આવ્યાં વાદળ જાદુ લઈ”

ગોરાં થઈને કાળાં થઈને;
આવ્યાં વાદળ જાદુ લઈને.
  શ્વાન હરણાં હાથી ઘોડા;
  આવ્યાં હંસ-હંસલીનાં જોડાં.
ક્યારેક હરણાં થઈને આવે;
દોડાદોડી કરતાં આવે.
    આવ્યાં વાદળ જાદુ લઈને...
પળમાં આવે ને પળમાં જાય;
ક્યારેક મહિનાઓ ના દેખાય.
  ક્યારેક પાછાં એવાં ઠરતાં;
  ટાળો તોયે વાદળ ના ટળતાં
    આવ્યાં વાદળ જાદુ લઈને...
ક્યારેક ગરજે ક્યારેક વરસે;
ક્યારેક મેઘધનુષ્ય થઈ દિસે.
  ક્યારેક કરા સ્વરૂપે વરસે;
  ત્યારે ઝાડ પાનને તરસે... !
આવ્યાં વાદળ જાદુ લઈને...
ગોરાં થઈને કાળાં થઈને.

– હરીશ નિગમ

(ગુજરાતી ભાવાનુવાદ)



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



## ગીતમાં જોયું...

- ❋ વાદળોમાં કેવા આકારો દેખાય છે ?
- ❋ બધાં વાદળો શું કરે છે ?
- ❋ વરસાદ પડે ત્યારે તમને કેવું લાગે છે ?
- ❋ તમે ક્યારેય મેઘધનુષ્ય (rainbow-રેઈનબૉ) જોયું છે ?
- ❋ મેઘધનુષ્ય તમે ક્યારે જોઈ શકો છો ?
- ❋ વરસાદ પડે ત્યારે શું થાય છે ?
- ❋ જ્યારે વરસાદ પડતો હોય ત્યારે તમે શું-શું જોયું છે ?
- ❋ વાદળો સિવાય વરસાદ આવે ત્યારે તમે શું જોઈ શકો છો ?

જ્યારે વરસાદ આવે, ત્યારે કાગળની હોડી બનાવીને તેને પાણી પર તરતી મૂકવાની ખૂબ મજા આવે છે.



## કાગળની હોડી બનાવો અને તેને પાણીમાં તરતી મૂકો.

તમને વરસાદના સમયે કોઈ અગવડ પડી છે ? તમે વરસાદના સમયે કોઈને મુસીબતમાં જોયાં છે ? વરસાદના તમારા અનુભવ દર્શાવતું ચિત્ર દોરો.

બાળકોના વરસાદ સંબંધિત અનુભવો સાંભળો. વરસાદની સારી અને માઠી અસરો પર ચર્ચા ગોઠવી શકાય.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in